# શક્તિપીઠ અંબાજી મંદિરમાં માતાજીના પ્રાગટય મહોત્સવની ઉલ્લાસભેર ઉજવણી

અંબાજી, તા. ૨૮

કરોડો માઈભક્તોની આસ્થાના પરમ પવિત્ર તીર્થસ્થાન અંબાજી મુકામે માતાજીના પ્રાગટય મોહોત્સવ - પોષી પૂનમની આનંદ, ઉત્સાહ અને ભક્તિભર્યા માહોલમાં ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે મંદિરના ચાચર ચોકમાં મહાશક્તિ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં બનાસકાંઠા કલેકટર કમ અંબાજી દેવસ્થાન ટ્રસ્ટના અધ્યક્ષશ્રી આનંદ પટેલ ઉપસ્થિત રહી યજ્ઞમાં પૂજાવિધિ કરી મહાશક્તિ યજ્ઞનો પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે ટ્રસ્ટના વહીવટદારશ્રી સુધેન્દ્રસિંહ ચાવડા પણ ઉપસ્થિત રહ્યાં હતાં. મહાશક્તિ યજ્ઞમાં ૪૨ દંપતીઓ જોડાયા હતા.

ઉલ્લેખનીય છે કે, દર વર્ષે પોષી પૂનમની માતાજીના પ્રાગટય દિવસ તરીકે આનંદ, ઉત્સવ સાથે ભક્તિભર્યા માહોલમાં શાનદાર ઉજવણી કરવામાં આવે છે પરંતુ આ વર્ષે કોરોના મહામારી સંદર્ભે સાદગીથી ઉજવણી કરી ધાર્મિક પરંપરા નિભાવવામાં આવી હતી.

આ પ્રસંગે અંબાજી ધાર્મિક ઉત્સવ સેવા સમિતિ અને ટ્રસ્ટ દ્વારા ગબ્બર અખંડ જ્યોતથી જ્યોતના અંશ લાવી અંબાજી મંદિર સવારે-૧૧.૧૫ વાગે જ્યોત મિલાવી હતી. માતાજીના પ્રાગટય મહોત્સવમાં સહભાગી બનવા તેમજ માતાજીના ચરણોમાં મસ્તક ઝુકાવવા વિશાળ

સંખ્યામાં યાત્રિકો અંબાજીમાં સવારથી જ ઉમટવા લાગ્યા હતાં. સમગ્ર દિવસ દરમ્યાન મંદિર સંકુલમાં મહાશક્તિ યજ્ઞના મંત્રોચારો તથા માઈભક્તોના જયઘોષથી વાતાવરણ ગુંજતુ હતું. દર્શન કરીને મંદિર બહાર આવતા યાત્રિકોના મોં પર સંતોષ અને આનંદની લાગણી જણાતી હતી.

કોરોના મહામારીમાંથી માનવ જાતને મુક્તિ મળે અને સૌનું કલ્યાણ થાય તે માટે બનાસકાંઠા કલેકટર કમ અંબાજી દેવસ્થાન ટ્રસ્ટના અધ્યક્ષશ્રી આનંદ પટેલે આ પ્રસંગે માતાજીને પ્રાર્થના કરી હતી.

આ પ્રસંગ સવિતા ગોવિંદ ટ્રસ્ટ દ્વારા આર.ઓ વોટર પ્લાન્ટ અંબાજી ટ્રસ્ટને અર્પણ કરવામાં આવ્યો હતો. પોષી પૂનમ પ્રસંગે વાવોલ -ગાંધીનગરના શ્રી પૂર્વિનભાઈ પટેલે ૧૨૫ ગ્રામ સોનાના દાગીના માતાજીને ભક્તિભાવપૂર્વક ચડાવ્યા હતાં. અન્ય એક દાતા શ્રી મૌલિકભાઈ દ્વારા અંબાજી મંદિરમાં સફાઈ કામગીરી કરતી બહેનો માટે અને જરૂરીયાતમંદ લોકોના બાળકો માટે ૫૦૦ જેટલી શૈક્ષણીક કિટ્સનું કલેકટશ્રીના હસ્તે વિતરણ કરવામાં આવ્યું હતું. ગબ્બર ખાતે શક્તિપીઠોના મંદિરોમાં પણ પુજરીઓ દ્વારા શાસ્ત્રોગત નિયમો અનુસાર પૂજાવિધિ કરવામાં આવી હતી.

# માં અંબાનો પ્રાગટ્ય દિવસ, ભક્તોએ કેક કાપી ઉજવણી કરી

**પોષી પુનમ : જિલ્લાના દેવ મંદિરોમાં કોરોના પછી પ્રથમવાર શ્રદ્ધાળુઓનો મહાસાગર દેખાયો : નાનાઅંબાજી ખેડબ્રહ્મા, શામળાજી, દિપેશ્વરીધામ, ઈટાડી, સુંદરપુરા ધામમાં દર્શન કરી ભક્તો ધન્ય બન્યા**

બાયડ તા.૨૮

પોષી પુનમનું અનેરૂ મહત્વ છે. પોષી પુનમ એટલે જગત જનની માં અંબાના પ્રાગટ્ય દિવસ તરીકે ઉજવાય છે. ગુરૂવારે પોષી પુનમના દિવસે સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના દેવમંદિરોમાં કોરોના પછી પ્રથમવાર શ્રદ્ધાળુઓનો મહાસાગર જોવા મળ્યો. ઠંડીનું જોર વધુ હોવાથી કેટલાક દેવમંદિરોમાં શ્રદ્ધાળુઓ બપોર બાદ દર્શન માટે આવ્યા હતા. શામળાજી વિષ્ણુ મંદિર, નાનાઅંબાજીથી ઓળખાતા ખેડબ્રહ્માના અંબાજી મંદિર, બાયડ તાલુકાના પવિત્ર દિપેશ્વરી ધામ, ઈટાડી અંબાજી મંદિર અને સુંદરપુરા રામજી મંદિર તેમજ ગાયત્રી શક્તિપીઠ-બાયડમાં ભક્તો કોવિડની ગાઈડલાઈનના અમલ સાથે દર્શન કરતા જોવા મળ્યા હતા. માં અંબાના અનેક ભક્તોએ પ્રાગટ્ય દિવસ નિમિત્તે કેક કાપીને ઉજવણી કરી હતી.

ગુજરાતના અંબાજી શક્તિપીઠનો પ્રાગટ્ય દિન પોષી પુનમ ગણવામાં આવ્યો છે. પોષી પુનમે માધસ્નાનનું અનેરૂ મહત્વ રહેલું છે. કોરોનાના કારણે લાંબા સમય સુધી દેવમંદિરો બંધ રહ્યા હતા પરંતુ અનલૉક-૫.૦ પછી દેવમંદિરો દર્શનાર્થીઓ માટે કોવિડની ગાઈડલાઈનના અમલ સાથે ખોલવાની છૂટ મળી છતાં કોરોનાનો કહેર હોવાના કારણે જિલ્લાના દેવમંદિરોમાં દર પુનમે પાંખી હાજરી જોવા મળતી હતી. બાયડ તાલુકાના દિપેશ્વરી ધામમાં પોષી પુનમે ૨૦ હજારથી વધુ શ્રદ્ધાળુઓએ દર્શનનો લાભ લીધો હતો. તદ્ઉપરાંત શામળાજી વિષ્ણુ મંદિરમાં પણ દૂર દૂરથી ઉમટેલા ભક્તોએ કાળીયા ઠાકોરનાં દર્શન કરી ધન્યતા અનુભવી હતી. જિલ્લામાં પોષી પુનમે દેવમંદિરોમાં શ્રદ્ધાળુઓનો મહાસાગર દેખાતાં સંલગ્ન ધંધાઓને હવે નવું જોમ મળી શકે છે.

# બાયડ તાલુકા પંચાયત આગળ કાટમાળ-ગંદકીના ઢગ દેખાયા

**સ્વચ્છતાનો આગ્રહ રાખનાર સર્વોચ્ચ સંસ્થાની કામગીરી સામે સવાલ**

બાયડ તા.૨૮

બાયડ તાલુકાના ૨૨૦ થી વધુ ગામડાઓમાં સ્વચ્છતા અને વિકાસના કામોની દેખરેખ રાખતી બાયડ તાલુકા પંચાયત કોઈને કોઈ પ્રકારે અખબારે ચમકતી હોય છે પછી તે અનહદ ભ્રષ્ટાચાર હોય કે પછી કોઈ કાટમાળ ઠાલવવામાં આવ્યો છે જેના કારણે મચ્છરોનો ઉપદ્રવ તો વધ્યો છે પરંતુ બાયડ તાલુકાની આગવી ઓળખ ગણાતી તાલુકા

બાયડ તાલુકા પંચાયત કચેરી આગળ કાટમાળ-ગંદકીના ઢગ દેખાઈ રહ્યા છે. ડી.ડી.ઓ. સહિતના ઉચ્ચ અધિકારીઓ વારંવાર કચેરીની મુલાકાતે આવતા હોવા છતાં કેમ કોઈ ટકોર થતી નથી તેવા સવાલ સ્વાભાવિક છે. સ્વચ્છતાનો આગ્રહ રાખનાર સર્વોચ્ચ સંસ્થાની એવી કઈ મજબૂરી છે કે સફાઈ કરવામાં આવતી નથી.

કર્મચારીના કરતૂત હોય. પરંતુ છેલ્લા કેટલાક સમયથી બાયડ તાલુકા પંચાયત આગળ કાટમાળ અને ગંદકીના ઢગ તથા દુર્ગંધ મારતી ગંદકીની પેટી હોવા છતાં જવાબદારો કોઈ પગલાં ભરવા તૈયાર નથી. કેટલાક લોકોના જણાવ્યા અનુસાર શિયાળો બરાબરનો જામ્યો છે ત્યારે તાલુકા પંચાયત કચેરી આગળ ઠેર ઠેર ગંદકી અને તોડી નાખેલા રોડનો પંચાયત કચેરીની શાખને અસર થઈ રહી છે. કોઈના ઘર આગળ કચરો પડ્યો હોય તો તાલુકા પંચાયત તાબડતોબ ગ્રામ પંચાયતના તલાટી-સરપંચને નોટિસ આપી કાર્યવાહીના આદેશ કરે છે પરંતુ પોતાની વડી કચેરી આગળ જ નરી આંખે દેખી શકાય તે રીતે કાટમાળ અને ગંદકીના ઢગ છતાં કેમ નજર અંદાજ કરવામાં આવી રહ્યા છે..??

# પ્રાંતિજના ફતેપુર આરોગ્ય કેન્દ્ર ખાતે કોવિડ-૧૯ રસીકરણ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના ફતેપુર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે ફ્રન્ટલાઈન કોરોના વોરિયર્સ કે જેમને કોરોનાની કપળી પરિસ્થિતિમાં પણ જીવના જોખમે ફરજ બજાવી હતી.તેવા કોરોના વોરિયર્સને આજ રોજ ફતેપુર આરોગ્ય કેન્દ્ર ખાતે રસીકરણ કરવામાં આવ્યું હતું.જેમાં તમામઆરોગ્યકાર્યકરોએ,આંગણવાડી કાર્યકરોએ ઉત્સાહપૂર્વક રસી લીધી હતી.મેડિકલ ઓફિસર ડૉ.પાર્થ પટેલ અને આયુષ ડૉ.તસ્લિમ મેમણ દ્વારા આરોગ્ય કાર્યકરોને રસીકરણ માટે પ્રોત્સાહિત કર્યા હતા.તો તાલુકા હેલ્થ ઓફિસર ડૉકટર. એ.એચ.સોલકી દ્વારા તમામ કોરોના વોરિયર્સને અભિનંદન પાઠવ્યા હતા.

## પ્રાંતિજ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાત આંગણવાડી કાર્યકરોએ ઉત્સાહપૂર્વક રસી લીધી

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે આજે કોવિડ-૧૯ રસી આપવામાં આવી હતી. પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ સામુહિક

આરોગ્ય કેન્દ્ર ખાતે આજે આંગણવાડી કાર્યકરો બહેનો ને રસી આપવામાં આવી હતી તો આંગણવાડી કાર્યકરો બહેનો દ્વારા કોવિડ-૧૯ ની રસી ઉત્સાહ પૂર્વક લીધી હતી.

# પ્રાંતિજ માર્કેટયાર્ડની ચૂંટણીમાં ઉમેદવારોએ ફોર્મ ભર્યા : ૧૬ બેઠક માટે ૬૦ ઉમેદવારો

પ્રાંતિજ તા.૨૮

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ખાતે આવેલ માર્કેટયાર્ડ ની કુલ-૧૬ સીટો માટે ૬૦ ઉમેદવારો એ ઉમેદવારી નોંધાવી.

પ્રાંતિજના કમાલપુર ખાતે આવેલ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ના ચુંટાયેલા સભ્યો ની ટમ પુર્ણ થતાં નવા સભ્યો માટે ની ચુંટણી યોજાઇ રહી છે જેમાં ખેડૂત વિભાગ ની-૧૦ સીટ માટે કુલ-૪૩ ઉમેદવારો એ પોતાની ઉમેદવારી નોંધાવી છે તો સહકારી મંડળી વિભાગ ની ૨ સીટી માટે કુલ-૮ ઉમેદવારો એ ઉમેદવારી ફોર્મ ભર્યા છે તો વેપારી વિભાગમાં પણ - ૪ સીટો માટે કુલ - ૯ ઉમેદવારો એ પોતાની ઉમેદવારી નોંધાવી છે ત્યારે હાલતો માર્કેટયાર્ડ ની કુલ-૧૬ સીટો માટે કુલ-૬૦ ઉમેદવારોએ પોતાની ઉમેદવારી

નોંધાવી છે તો તારીખ-૨૯।૧।૨૦૨૧ ના રોજ ફોર્મ ચકાસણી કરવામાં આવશે અને તારીખ ૧।૨।૨૦૨૧ ના રોજ ફોર્મ પરત ખેંચવાની છેલ્લી તારીખ છે અને તા.૮।૨।૨૦૨૧ ના રોજ ચુંટણી યોજાશે તો બીજા દિવસે તા.૯।૨।૨૦૧ ના રોજ મતગણતરી હાથ ધરવામાં આવશે.

# ધનસુરાની રાજપુર જુથના પંચાવન પ્રાથમિક શિક્ષકોને આખરે પગાર મળ્યો

**કોરોના કાળમાં મુશ્કેલમાં મૂકાયેલા શિક્ષક પરિવારોને રાહત**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૮

ધનસુરા તાલુકાની નાનીબોરવાઈ પ્રા.શાળાની શિક્ષિકાની બદલી થતાં એક તરફી છૂટા કરવાનો આદેશ હતો છતાં છૂટા કરવામાં આવ્યા ન હતા અને ડિસેમ્બર મહિનાનો પગાર શાળામાં આકારતાં મુખ્ય શિક્ષકને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી દ્વારા નોટિસ આપવામાં આવી હતી પરંતુ તેના કારણે રાજપુર જુથના ૫૫ પ્રા.શિક્ષકોનો પગાર અટકી જતાં રોષ વ્યાપ્યો હતો. ગાંધીનગર સમાચારમાં અહેવાલ પ્રસિદ્ધ થતાં તાબડતોબ ટી.પી.ઓ.ને અન્ય પ્રા.શિક્ષકોને પગાર મળી જાય તેવી વ્યવસ્થા કરવાનું જણાવતાં પ્રા.શિક્ષકોનો અંદાજીત ૩૦ લાખથી વધુનો પગાર ગુરૂવારે તેમના બેન્ક એકાઉન્ટમાં જમા કરવામાં આવ્યો છે. કોરોના કાળમાં મુશ્કેલમાં મૂકાયેલા શિક્ષક પરિવારોને અખબારના અહેવાલથી રાહત થઈ છે.

પ્રા.શિક્ષકોમાં લાંબા સમયથી વધ-ઘટ બદલી કેમ્પ, ફરજીયાત કામગીરી વગેરે બાબતમાં અન્યાયની લાગણી પ્રવર્તિ રહી છે. રાજ્ય સરકાર દ્વારા પણ શિક્ષકોને ૪૨૦૦નો ગ્રેડ-પે આપવામાં જે અખાડા થયા અને ત્યારબાદ રાજ્ય પ્રા.શિક્ષક સંઘના પ્રમુખ દિગ્વિજયસિંહ જાડેજા, મહામંત્રી સતિષભાઈ પટેલ અને શિક્ષક આગેવાનોએ સરકાર સામે મોરચો માંડતાં શિક્ષકોના પ્રશ્નોનો સુખદ ઉકેલ આવ્યો છે. વધ-ઘટ બદલી કેમ્પમાં પણ જિલ્લાના પ્રા.શિક્ષકોને સીનીયોરીટી તેમજ ગણિત-વિજ્ઞાનની જગ્યાઓ બાબતે અન્યાય થયાની લાગણી હજુ પણ પ્રવર્તિ રહી છે. ત્યારે ધનસુરા તાલુકાના રાજપુર જુથની નાનીબોરવાઈ પ્રા.શાળાની શિક્ષિકાની બદલી પછી એક તરફી છૂટા કરવાના આદેશ થયા હતા અને બદલી થયેલા પ્રા.શિક્ષકો તેમની શાળામાં હાજર ન થાય તો પગાર અટકાવવાની મુખ્ય શિક્ષકોને સૂચના આપવામાં આવી હતી પરંતુ નાની બોરવાઈ પ્રા.શાળાના મુખ્ય શિક્ષક દ્વારા તા.૧૨ ડિસેમ્બરે ઓનલાઈન પગારની આકારણી થઈ હતી અને તા.૧૫ ડિસેમ્બરે વડી કચેરીનો આદેશ થતાં પગાર થયાનું જણાવ્યું છે પરંતુ આ મામલાને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી સ્મિતાબેન પટેલે ગંભીરતાથી લઈ મુખ્ય શિક્ષકને નોટિસ પાઠવી ખુલાસો માગ્યો છે પરંતુ અન્ય ૫૪ પ્રા.શિક્ષકોને પગાર મળી જાય તે માટે આદેશ આપતાં શિક્ષકોના ખાતામાં પગાર જમા કરવામાં આવ્યાનું સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે.

# કાલીયાકૂવાના પૂર્વ સરપંચ સામે દુષ્કર્મ ગુજાર્યાની ફરિયાદથી ખળભળાટ

**મેઘરજ પોલીસે આરોપીને શોધવા તપાસ શરૂ, ૩ વર્ષ પછી દુષ્કર્મની ફરિયાદથી પોલીસ વિમાસણમાં : નરેગાના કામ વખતે મહિલા સંપર્કમાં આવી**

બાયડ તા.૨૮

મેઘરજ તાલુકાના કાલીયાકૂવાના પૂર્વ સરપંચ રત્નાભાઈ ગેમાભાઈ ડામોરે નરેગાના કામ વખતે આવતી મહિલા ઉપર વર્ષ-૨૦૧૮માં તિક્ષ્ણ હથિયાર દેખાડી મરજી વિરૂદ્ધ દુષ્કર્મ ગુજાર્યાની ફરિયાદ ૩ વર્ષ પછી મેઘરજ પોલીસ સ્ટેશનમાં નોંધાતાં હલચલ મચી ગઈ છે. દુષ્કર્મની ફરિયાદ નોંધાવતાં નિવૃત્ત ફોજી, પૂર્વ સરપંચ અંડરગ્રાઉન્ડ થઈ જતાં મેઘરજ પોલીસે આરોપીને શોધવા તપાસ ગ્રામ્ય વિસ્તારમાં લંબાવી છે.

જિલ્લામાં નરેગાના કામ ઉપર આવતી અનેક મહિલાઓનું યૌન શોષણ થતું હોવાની ફરિયાદો સાંભળવા મળતી હતી પરંતુ રોજગારી માટે મજબૂર યુવતી-મહિલાઓ હેવાનિયતનો ભોગ બનવા છતાં હરફ ઉચ્ચારતી ન હતી. મેઘરજના ગ્રામ્ય વિસ્તારની પરણિત મહિલાએ મેઘરજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે કાલીયાકૂવાના રત્નાભાઈ ડામોરે ૨૦૧૮માં નરેગાના કામ ચાલતા હતા તે સમય દરમ્યાન સાઈટ ઉપર એકલતાનો લાભ લઈ તિક્ષ્ણ હથિયાર દેખાડી દુષ્કર્મ આચર્યું હતું અને ત્યારબાદ કાર (નં.જી.જે.૩૧-ડી-૩૮૫૦)માં ઉન્ડવા તરફ લઈ જઈ કારમાં જ શરીર સુખ માણ્યાનો આરોપ લગાવ્યો છે. બનાવ અંગે મેઘરજ પોલીસે આરોપીઓ વિરૂદ્ધ દુષ્કર્મનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## મહિલાની ફરિયાદના આધારે તપાસ : પી.એસ.આઈ.

બાયડ, મેઘરજ ઈન્ચાર્જ પી. એસ. આઈ., જે.પી. ભરવાડે જણાવ્યું કે કાલીયાકૂવા ગ્રામ પંચાયતના પૂર્વ સરપંચ રત્નાભાઈ ડામોર સામે એક મહિલા દ્વારા દુષ્કર્મ આચર્યાની ફરિયાદ આપતાં પોલીસ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે.

# મોડાસા પાલિકાની ચૂંટણીમાં ઓવૈસીની પાર્ટીના આગમનથી કોંગ્રેસની ઉંઘ હરામ

**જિલ્લામાં ભાજપ-કોંગ્રેસ દ્વારા ઉમેદવારોની પસંદગી માટે ક્વાયત તેજ : ભાજપ આજથી પેનલની તૈયારી કરશે, કોંગ્રેસ સ્થાનિક સંકલન સમિતિની રજૂઆત ધ્યાને લેશે**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૮

અરવલ્લી જિલ્લામાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણી યોજાવવાની છે ત્યારે ભાજપ-કોંગ્રેસ દ્વારા જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને મોડાસા-બાયડ પાલિકાના ઉમેદવારો માટેની પસંદગીની ક્વાયત શરૂ કરી છે. શુક્રવારે શામળાજી ખાતે પ્રદેશ નિરીક્ષકોની હાજરીમાં ભાજપ સ્થાનિક સંગઠનને સાથે રાખી પેનલ બનાવી શકે છે. જ્યારે કોંગ્રેસે તાલુકા સંકલન સમિતિએ આપેલા ઉમેદવારોની રજૂઆત અને યાદી ધ્યાને લઈ પસંદગી કરી શકે છે. ત્યારે મોડાસા પાલિકાની ચૂંટણીમાં અસુદ્દીન ઓવેસીની એ.આઈ. એમ.આઈ.એમ. પાર્ટીના આગમનથી કોંગ્રેસની ઉંઘ હરામ થઈ ગઈ છે. જિલ્લા કોંગ્રેસ પ્રમુખ કમલેન્દ્રસિંહ પુંવારે ઓવેસીની પાર્ટીના આગમનને ભાજપની બી-ટીમ ગણાવી મત તોડવાની વ્યહરચના હોવાનું જણાવ્યું છે.

અરવલ્લી જિલ્લા પંચાયતની ૩૦ બેઠક, ૬ તાલુકા પંચાયત તેમજ ૨ નગરપાલિકાના કુલ-૧૫ વોર્ડની સામાન્ય ચૂંટણી જાહેર થતાં રાજકીય માહોલ જામ્યો છે. ભાજપ-કોંગ્રેસ દ્વારા સ્થાનિક સ્વરાજયના ચૂંટણી જંગમાં ફતેહ મેળવવા એડી ટોચનું જોર લગાવશે. કારણ કે વર્ષ-૨૦૨૨ માં યોજાનારી વિધાનસભાની સામાન્ય ચૂંટણી

અગાઉ સ્થાનિક સ્વરાજયનો જંગ બંન્ને રાજકીય પક્ષો માટે સેમીફાઈનલ બની ગયો છે. ભાજપ અને કોંગ્રેસ દ્વારા જીતી શકે તેવા ઉમેદવારોને મેદાનમાં ઉતારવાનો હુંકાર તો કર્યો છે પરંતુ ઉમેદવારો જાહેર થયા પછી જ ખબર પડશે કે કયો રાજકીય પક્ષ બોલ્યો અને પાળી બતાવ્યું.

ભાજપ દ્વારા જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને બે નગરપાલિકાના સંભવિત ઉમેદવારોની પેનલ માટે શામળાજીમાં પ્રદેશ નિરીક્ષકોની ઉપસ્થિતિમાં આજે મનોમંથન કરી શકે છે. જ્યારે કોંગ્રેસ દ્વારા તાલુકા સંકલન સમિતિએ આપેલી યાદીના આધારે જીતી શકે તેવા ઉમેદવારોને મેદાનમાં ઉતારવાનો નિર્ણય કર્યો છે. મોડાસા પાલિકા વિસ્તારમાં એકાએક એ.આઈ.એમ. આઈ. એમ. રાજકીય પક્ષની એન્ટ્રી સાથે જ કોંગ્રેસમાં સોંપો પડી ગયો છે. મોડાસાની મખદુમ હાઈસ્કુલમાં યોજાયેલા નવા પક્ષની બેઠકમાં પ્રદેશ મંત્રી હમીદ ભટ્ટીની ઉપસ્થિતિમાં કોંગ્રેસના કેટલાક કાર્યકરો એ.આઈ.એમ. આઈ. એમ.માં જોડાતાં સ્થાનિક રાજકારણમાં હલચલ મચી છે.

# મોડાસાના વાઘરી વાસમાં રાજકીય ઈશારે ભુગર્ભ ગટરનું કામ અટકાવાયુ હોવાનો આક્ષેપ

મોડાસા, તા. ૨૮

સ્થાનિક ચૂંટણીઓના પડઘમ વચ્ચે અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં ભૂગર્ભ ગટર યોજનાનું કામ ચાલી રહ્યુ છે. કરોડોના ખર્ચે નિર્માણ થઈ રહેલ ભૂગર્ભ ગટરના કામ સામે લોકોનો રોષ વ્યાપ્યો છે.શહેરમાં વિકાસ ના કામ માં જશ ખાટવા કે પછી અગમ્ય કારણોસર ભાજપના નેતાઓ હવાતીયા મારી રહ્યા છે અને કેટલાક વિસ્તારોમાં કામ અટકાવી વિકાસ ના કામમાં રોડા પણ બની રહ્યા હોય તેવું લોકમૂખે ચર્ચાઈ રહ્યું છે તયારે શહેરના વાઘરીવાસમાં ચાલતું ભૂગર્ભ ગટર યોજનાનું કામ સ્થાનીક ભાજપના અગ્રણી નેતાએ અટકાવી દીધું હોવાની ઑડીયો કલીપ વાયરલ થતા ભારે ચકચાર મચી છે

અરવલ્લી જિલ્લાના

● અનુસંધાન પાના - ૭ પર

## અવસાન નોંધ..

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૮

બાયડ : મેઘરજ તાલુકાના ઈસરી ગામના ચીમનભાઈ પટેલ(નિવૃત્ત એમ.પી.ઓ. : શામળાજી શીત કેન્દ્ર) ટૂંકી માંદગી બાદ નિધન થતાં સાબરડેરીના કર્મચારીઓમાં શોક છવાયો હતો.